રાજકીય પક્ષોના નેતાઓને ત્યાં ઈ.ડી. ત્રાટકતા ખળભળાટ: મીડિયા કર્મીઓ સાથે પરગણા જિલ્લામાં મારપીટ

પ. બંગાળમાં રેડ દરમિયાન ૩૦૦ ના ટોળાનો ઈડીની ટીમ પર હુમલો: હરિયાણામાં પાંચ કરોડની રોકડ સાથે સાયકલ જપ્ત

નવી દિલ્હી તા. ૫: પ. બંગાળમાં ટીએમસીના નેતાને ત્યાં રેડ દરમિયાન ત્રણસોના ટોળાએ હુમલો કર્યો હતો અને મીડિયા સાથે પણ મારપીટ કરી હતી. બીજી તરફ હરિયાણામાં પણ ઈ.ડી.ના એક અન્ય દરોડામાં પાંચ કરોડ રોકડા, સોનાના બિસ્કિટ અને રાયફલ તથા હનિયારો મળતા ખળભળાટ મચી ગયો છે.

પશ્ચિમ બંગાળમાં દક્ષિણ ૨૪ પરગણામાં તૃણમુલ નેતા શાહજહાં શેખ ઠેકાણે દરોડા પાડવા પહોંચેલી ઈડીની ટીમ પર હુમલો કરાયાની ઘટના સામે આવી છે. માહિતી અનુસાર આશરે ૨૫૦ થી ૩૦૦ લોકોના ટોળાએ ઈડીની ટીમને ઘેરી લીધી હતી. આ હુમલામાં મીડિયાકર્મીઓ પણ લપેટમાં આવી ગયા હતાં.

માહિતી અનુસાર લોકોના ટોળાએ ઈડીની ટીમની ગાડીઓને નિશાન બનાવી તેના કાચ તોડી નાખ્યા હતાં. આ દરમિયાન મીડિયાકર્મીઓ સાથે પણ મારપીટ કરવામાં આવી હતી. ઈડીની ટીમ ટીએમસી નેતા શાહજહાં શેખના ઘરે દરોડાની કાર્યવાહી કરવા પહોંચી ત્યારે ગામના લોકોએ ઈંટો અને પથ્થરો વડે હુમલો કરી દીધો હતો. જેમ તેમ ઈડીની ટીમમાં સામેલ સભ્યોએ પોતાનો જીવ બચાવવા નાસી જવું પડ્યું હતું.

ઈડી છેલ્લા ઘણાં મહિનાઓની કથિત રાશન વિતરણ કૌભાંડ કેસના સંદર્ભમાં દરોડા પાડી રહી છે. બોડા દિવસો પહેલા ઈ.ડી.એ ખુલાસો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં લગભગ ૩૦ ટકા પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ રાશન માર્કેટમાં વેચાય છે. એજન્સીએ ખુલાસો કર્યો હતો કે રાશન વેચ્યા પછી મળેલા પૈસા મિલમાલિકો અને પીડીએસ વિતરકો વચ્ચે વહેંચવામાં આવ્યા હતાં.

રાઈસ મીલમાલિકોએ કેટલીક સહકારી મંડળીઓ સહિત કેટલાક લોકો સાથે મળીને ખેડૂતોના નકલી બેંક ખાતા ખોલાવ્યા અને ડાંગર ઉત્પાદકોને ચૂકવવામાં આવતી એમએસપી ખિસ્સામાં ભરી લીધી. મુખ્ય શંકાસ્પદ પૈકીના એકે કબુલ્યું હતું કે ચોખાના મિલમાલિકોએ પ્રતિક્વિન્ટલ રૂ. ૨૦૦ જેટલી કમાણી કરી હતી.

આ પહેલા ઈ.ડી.એ રાશન કૌભાંડ કેસમાં બંગાળના મંત્રી જ્યોતિપ્રિયા મલિકના ઘરે પણ દરોડા પાડ્યા હતાં. વનમંત્રી બનતા પહેલા જ્યોતિપ્રિયા મલિકે ખાદ્યમંત્રીનો કાર્યભાર પણ સંભાળ્યો હતો. અગાઉ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ કથિત કૌભાંડમાં રાઈસ મિલમાલિક વકીબુર રહેમાનની ધરપકડ કરી હતી. ૨૦૦૪ માં રાઈસ મીલના માલિક તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર રહેમાને આગામી બે વર્ષમાં વધુ ત્રણ કંપનીઓની સ્થાપના કરી. ઈ.ડી. અધિકારીઓના જણાવ્યા અનુસાર રહેમાને કથિત રીતે શેલ કંપનીઓની શ્રેણી ખોલી હતી અને પૈસા ઉપાડી લીધા હતાં.

બીજી તરફ હરિયાણાના પૂર્વ આઈએનએલડી ધારાસભ્ય દિલબાગસિંહ અને તેના નજીકના સહયોગીઓના છુપાયેલા ઠેકાણામાંથી મોટી રિકવરી કરી છે. ઈ.ડી.એ ગુરુવારે આ દરોડા પાડ્યા હતાં. જે પછી શુક્રવારે ઈ.ડી.એ કહ્યું કે અત્યાર સુધીમાં તેમના સ્થાનો પરથી ૫ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. આ ઉપરાંત ૩ સોનાના બિસ્કિટ, વિદેશી દારૂની ૧૦૦ થી વધુ બોટલો, વિદેશમાં બનેલી અનેક મિલકતોના દસ્તાવેજો, ૪ ગેરકાયદેસર વિદેશી રાઈફલ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. કોર્ટના આદેશ પર ઈ.ડી.એ હરિયાણામાં ગેરકાયદે ખનન મામલે દરોડા પાડ્યા હતાં.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે ખાણકામના ધંધાર્થીઓના ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા હતાં. યમુનાનગરમાં ઈ.ડી.એ મહારાણા પ્રતાપ ચોક પાસે દિલબાગસિંહની ઓફિસ, સેક્ટર-૧૮ મા માઈનિંગ એજન્સીની ઓફિસ અને કાલેસરમાં ફાર્મ હાઉસનું સર્ચ કર્યું હતું. ટીમ તેના નજીકના સંબંધીઓ સંજીવ ગુપ્તા, ઈન્દરપાલસિંહ ઉર્ફે બબલે અને ટ્રાન્સપોર્ટર ગુરબાઝસિંહના ઘરે પણ પહોંચી હતી.

સંજીવ ગુપ્તા માઈનિંગ અને પ્લાયવુડ બિઝનેસમાં દિલબાગસિંહ સાથે ભાગીદાર છે અને ઈન્દરપાલ સાથે સંબંધિત છે. તેના સંતપુરા રોડ પરના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો. ગુરબાઝસિંહ પૂર્વ ધારાસભ્યના પિતરાઈ ભાઈ છે. તેની માઝા પહેલવાન ટ્રાન્સપોર્ટ ઓફિસ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

ખાણ વ્યવસાયમાં મની લોન્ડરીંગની તપાસ કરવા ગુરુવારે સવારે ઈ.ડી.ની ટીમ યમુનાનગર, સોનીપત, મોહાલી, ફરીદાબાદ, ચંદીગઢ અને કરનાલ પહોંચી હતી. આ દરમિયાન સ્થાનિક પોલીસની સાથે કેન્દ્રિય સુરક્ષા દળોને પણ તહેનાત કરવામાં આવ્યા હતાં. કોંગ્રેસના ધારાસભ્ય પવારનો રાજસ્થાન ઉપરાંત હરિયાણામાં ખાણકામનો વ્યવસાય છે.

સાંસદની સૂચનાથી કામ અઠવાડિયું વહેલુ પૂરૂ કરીને

જામનગરમાં અંબર ચોકડીનો માર્ગ આજથી ખુલ્લો મૂકાતા પરિવહન પૂર્વવત

(તસ્વીર: નિર્મલ કારીયા)

જામનગર તા. ૫: જામનગરમાં ફલાય ઓવરબ્રીજ નિર્માણનું કામ ચાલી રહ્યું છે. તેમાં અંબર જંક્શન પાસે પાણીની લાઈન, કેબલ શિફ્ટીંગ વગેરેનું કામ કરવાનું હોવાથી ૨૧ દિવસ માટે અંબર જંક્શનથી હોસ્પિટલ તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવ્યો હતો. આથી ગુરુદ્વારા ચોકી પાસે ટ્રાફિક સમસ્યા ઊભી થવા પામી હતી. આ પછી ધારાસભ્ય અને ત્યારપછી સાંસદે સ્થળ મુલાકાત કરી હતી અને કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. જેમાં કામની ઝડપ વધારવામાં આવી હતી અને આખરે ૧૩ દિવસમાં કામ પૂર્ણ કરીને આ બંધ માર્ગ આજે શુક્રવારથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આમ ૨૧ દિવસનું કામ મહાનગરપાલિકા તંત્ર દ્વારા ૧૩ દિવસમાં જ પૂર્ણ કરી નાંખવામાં આવ્યું છે.

રણજીતસાગર રોડ તથા સણોસરી પાસેથી અઢાર બોટલ મળી:

નંદનવનમાં મકાનમાંથી દારૂની છવ્વીસ બોટલ ઝડપાઈ: આરોપીએ બેના નામ આપ્યા

જામનગર તા. ૫: જામનગરની નંદનવન સોસાયટીમાં આવેલા એક મકાનમાંથી ગઈકાલે એલસીબીએ અંગ્રેજી શરાબની છવ્વીસ બોટલ કબજે કરી છે. ઝડપાયેલા આરોપીએ અન્ય બેના નામ આપ્યા છે. જ્યારે રણજીતસાગર રોડ પરથી એક શખ્સ નવ બોટલ સાથે અને લાલપુરના સણોસરી ગામ પાસેથી બે શખ્સ નવ ચપલા સાથે પકડાઈ ગયા છે. તેઓના મોબાઈલ, બાઈક પણ કબજે કરાયા છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી નંદનવન સોસાયટીની શેરી નં.૩માં એક મકાનમાં અંગ્રેજી શરાબનો જથ્થો પડ્યો હોવાની બાતમી એલસીબીના હરદીપ બારડ, મયુરસિંહને મળતા પીઆઈ જે.વી. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરીના વડપણ હેઠળ સ્ટાફે ગઈકાલે સાંજે ત્યાં આવેલા જયેશ કિશોરભાઈ ચાંદ્રા ઉર્ફે જયુ સિંધી નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો.

તે મકાનની તલાશી લેવાતા ત્યાંથી વ્હીસ્કીની બે બ્રાન્ડની કુલ ૨૬ બોટલ મળી આવી હતી. એલસીબીએ રૂ.૧૦,૪૦૦ની કિંમતનો શરાબનો જથ્થો કબજે કરી જયેશ ચાંદ્રાની પૂછપરછ કરતા આ શખ્સે તે જથ્થો જીતુ ઉર્ફે બાબલા ભાનુશાળી તથા ભાવેશ ભાનુશાળી ઉર્ફે ટાકીડાએ આપ્યો હોવાની કબૂલાત કરી છે.

જામનગર-સમાણા હાઈવે પર આવેલા વીડીબી પાર્ટી પ્લોટ પાસેથી ગઈરાત્રે પસાર થતાં જેજે કુબેરનગરવાળા હીરેન અનિલભાઈ ચોવટીયા ઉર્ફે હીરા પટેલ નામના શખ્સને પોલીસે શકના આધારે રોકાવી ચેક કરતા આ શખ્સના કબજામાંથી અંગ્રેજી શરાબની નવ બોટલ મળી આવી હતી. આ શખ્સે તે જથ્થો વિજય ભુવા નામના પટેલ શખ્સે આપ્યો હોવાનું પોલીસને જણાવ્યું છે. પોલીસે બંને સામે ગુન્હો નોંધ્યો છે.

લાલપુર તાલુકાના સણોસરી ગામના પાટિયા પાસેથી ગઈકાલે સાંજે પસાર થતાં જીજે-૧૦-ડીએસ ૯૯૩૧ નંબરના બાઈકને પોલીસે રોકાવી ચેક કરતા તેના પર જઈ રહેલા જામજોધપુરના કરશનપર ગામના દીપક જેઠાભાઈ ધવલ તથા હરેશ દાનાભાઈ ધવલ નામના બે શખ્સના કબજામાંથી અંગ્રેજી શરાબના નવ ચપટા મળી આવ્યા હતા. પોલીસે ચપટા, બે મોબાઈલ, બાઈક મળી કુલ રૂ.૬૩,૮૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે.

બે સપ્તાહ પૂર્વે અકસ્માતમાં પ્રૌઢાને થઈ હતી ઈજા:

પી.એન માર્ગ પર અકસ્માત સર્જી મોટર ભગાડી ગયેલા આરોપીને દબોચતી પોલીસ

જામનગર તા. ૫: જામનગરના પી.એન. માર્ગ પર માણેક સેન્ટર નજીક બે સપ્તાહ પૂર્વે અકસ્માત સર્જી એક મોટર નાસી ગઈ હતી. ઘવાયેલા એક પ્રૌઢાને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. આ ગુન્હાની પોલીસ દ્વારા થઇ થયેલી તપાસમાં તે મોટર તથા તેનો ચાલક મળી આવ્યા છે.

જામનગરના પંડિત નહેરૂ માર્ગ પર માણેક સેન્ટર નજીકથી ગઈ તા.૧૭-૧૨-૨૩ના દિને શાંતાબેન મહેશભાઈ કોટડીયા નામના વૃદ્ધા પોતાના પુત્ર સાથે બાઈકમાં બેસી પસાર થતા હતા ત્યારે સફેદ રંગની એક મોટર ટકરાઈ પડી હતી.

આ અકસ્માતમાં શાંતાબેનને માથા સહિતના શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી. આ વૃદ્ધાને અકસ્માત પછી હોસ્પિટલ ખસેડવાના બદલે તે મોટરનો ચાલક પોતાનું વાહન પુરપાટ ઝડપે ભગાડીને નાસી ગયો હતો. આ બાબતની પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.

તે ગુન્હાની તપાસ માટે સિટી-બી ડિવિઝનના પીઆઈ એચ.પી. ઝાલાએ કરેલા આદેશ પછી એએસઆઈ મુકેશસિંહ, રાજેશ વેગડ, કિપાલસિંહ, સંજય પરમાર, બાળભદ્રસિંહ, હિતેશ મકવાણા, પ્રદીપસિંહ, કલ્પેશ અઘારા, જયદીપસિંહ, મયુરરાજસિંહ, વિપુલ ગઢવી તપાસ કરી રહ્યા હતા. જેમાં મયુરસિંહ, હરદીપસિંહ, બલભદ્રસિંહે પોલીસના કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા.

તે ફૂટેજમાં જીજે-૧૦-ડીઈ ૪૭૭૩ નંબરની હોન્ડા કંપનીની એમેઝ મોટર પર ફોકસ થયું હતું. તે મોટરના જુદા જુદા રસ્તાના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા પછી આ મોટરે જ અકસ્માત સર્જ્યો હોવાનું ફલિત થતાં તેના ચાલક-માલિકની શોધ આરંભાઈ હતી જેમાં પોલીસ હેડક્વાર્ટર પાછળ શ્રીજી એનેક્સ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૧૦૨માં રહેતો રમીઝ રફીક સફીયા (ઉ.વ.૧૯) મળી આવ્યો હતો. તેને પોલીસ મથકે લાવી પૂછપરછ કરાતા આ શખ્સે અકસ્માત સર્જ્યાની કબૂલાત આપી છે. આ શખ્સની ધરપકડ કરાઈ છે.

બુધવારે કોઈ શખ્સે બતાવ્યો કરતબ:

માંડવીટાવર પાસે વૃદ્ધના પેન્ટના ખિસ્સામાંથી સેરવાયા ૮૦ હજાર

જામનગર તા. ૫: જામનગરના માંડવી ટાવર વિસ્તારમાં બુધવારે સવારે એક વૃદ્ધના ખિસ્સામાંથી રૂ.૩૦ હજારની રોકડ રકમ સેરવાઈ ગયાની ફરિયાદ થઈ છે.

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી સાયોના શેરીમાં રહેતા પરસોત્તમભાઈ જેઠાભાઈ માંડવીયા નામના એંસી વર્ષના વૃદ્ધ બુધવારે સવારે સાડા દસેક વાગ્યે માંડવીટાવર પાસે આવ્યા હતા.

આ વેળાએ તેઓએ પોતાના પેન્ટના ખિસ્સામાં રૂ.૩૦ હજાર રોકડા રાખ્યા હતા. એક કલાકમાં તેઓના ખિસ્સામાંથી આ રકમ આંગળીના કોઈ ઈલમીએ સેરવી લીધી હતી. તેની જાણ થતાં પરસોત્તમભાઈએ શોધખોળ કરી હતી પરંતુ પોતાની રકમ નહીં મળતા આખરે તેઓએ ગઈકાલે સિટી-એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા તસ્કર સામે આઈપીસી ૩૭૯ હેઠળ ગુન્હો નોંધાવ્યો છે.

પતિ સહિતના પાંચ સામે ફરિયાદ:

લગ્નના ચૌદ વર્ષ સુધી ત્રાસ આપવા અંગે સાસરા સામે રાવ

જામનગર તા. ૫: જામનગરના એક મહિલાના ચૌદ વર્ષ પહેલા લગ્ન થયા પછી તેણીને પતિ, સાસુ, સસરા, નણંદ અને નણંદોયાએ નાની બાબતોમાં ઝાળો ભાંડી શારીરિક માનસિક ત્રાસ આપતા તેણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં આવેલી સિદ્ધાર્થ કોલોનીની શેરી નં.૨માં રહેતા સવિતાબેન વસરામભાઈ મકવાણા (ઉ.વ.૩૭)ના લગ્ન વર્ષ ૨૦૦૯માં જામનગરના રણજીતસાગર રોડ પર મહાવીર સોસાયટીમાં રહેતા હસમુખ મનજીભાઈ રાઠોડ સાથે કરવામાં આવ્યા હતા.

ત્યારપછી આ પરિણીતાને નાની વાતોમાં વાક કાઢી ઝાળો ભાંડી મારકૂટ કરાતી હતી. પીયર પરત ફરેલા સવિતાબેને ગઈકાલે મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ હસમુખ, સાસુ મણીબેન, સસરા મનજીભાઈ લાલજીભાઈ, નણંદ રેખાબેન દીપકભાઈ, નણંદોયા દીપક કારાભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી છે.

બોમ્બ સ્કવોર્ડ પણ ઘટનાસ્થળે પહોંચી

અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારકને ઉડાવી દેવાની ધમકી મળતા એસઓજી ટીમ દોડી

અમદાવાદ તા. ૫: અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારક ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, બોમ્બ સ્કવોર્ડ અને એસઓજીની ટીમ ઘટના સ્થળે પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

દેશભરમાં છેલ્લા થોડા સમયથી બોમ્બ બ્લાસ્ટ અને હત્યાની ધમકીના ઈમેઈલ-ફોનની ઘટનાઓ વધી છે ત્યારે આ તબક્કામાં હવે અમદાવાદથી મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં સરદાર સ્મૃતિ સ્મારકને બોમ્બથી ઉડાવાની ધમકી મળી છે.

સરદાર સ્મૃતિ સમારક ઓફિસમાં સરદાર સ્મારકને સ્ફોટક પદાર્થથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળ્યો છે. જ્યારબાદ બોમ્બ સ્કવોર્ડ અને એસઓજીની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી છે. હાલ કાર્યક્રમ પહેલા વિદ્યાર્થીઓને રવાના કરી દેવાયા છે.

વિવિધ ૧૭ યોજનાઓના લાભોનું વિતરણ

નાની ખાવડી તથા ખારાવેઢા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત

જામનગર તા. ૫: કેન્દ્ર અને રાજ્ય સરકારની વિભિન્ન જનહિતકારી યોજનાઓને દરેક લોકો સુધી પહોંચાડી વંચિતોને વંચિતાં પ્રદાન કરવાના ઉત્કૃષ્ટ અભિગમ સાથે આયોજિત વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું જામનગર તાલુકાના નાની ખાવડી તથા ખારાવેઢા ગામે ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાઓના લાભો આપી લાભાન્વિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય મનિષાબેન કણઝારીયા, મુકુંદભાઈ સભાયા, કુમારપાલસિંહ રાણા, વિપુલસિંહ જાડેજા, ગોકળભાઈ ભંડેરી, પ્રફુલગીરી ગોસ્વામી, જનપ્રતિનિધિઓ, સરપંચશ્રીઓ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

જોઈએ છે
કોરેલ-ડ્રો ઓપરેટર
ડ્રાફ્ટ મળો
મધુરમ્ એન્ટરપ્રાઈઝ
લાલ બંગલા સર્કલ પાસે, HDFC બેંક સામે, જામનગર

ધો. ૧૦ અને ૧૨ ની પ્રેક્ટિકલ પરીક્ષાની તારીખો બદલાઈ

સીબીએસઈ બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ બદલાયુ

નવી દિલ્હી તા. ૫: સીબીએસઈ બોર્ડની ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે જેના કેટલાક પેપરની તારીખો બદલાઈ છે. સીબીએસઈની વેબસાઈટ પર પરીક્ષાનું સુધારેલું સમયપત્રક જોઈ શકાશે.

સીબીએસઈ બોર્ડની પરીક્ષાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. ૧૦-૧૨ ની બોર્ડ પરીક્ષા ૨૦૨૪ ના કેટલાક પેપરની તારીખો બદલવામાં આવી છે. સીબીએસઈ બોર્ડના ધો. ૧૦ મા અને ૧૨ મા ધોરણની પ્રેક્ટિકલ પરીક્ષા ૧ જાન્યુઆરીથી શરૂ થશે જ્યારે થિયરી પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ સીબીએસઈ બોર્ડ પરીક્ષા ૨૦૨૪ ની સમયપત્રકમાં સુધારો કર્યો છે. સુધારેલા સમયપત્રક મુજબ બોર્ડ કેટલાક પેપરની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કર્યા છે. આ ફેરફાર સીબીએસઈ બોર્ડના ધો. ૧૦ અને સીબીએસઈ બોર્ડના ધોરણ ૧૨ માં બંનેમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સીબીએસઈ વર્ગ ૧૨ તિબટાયન પેપર જે ૪ માર્ચ ૨૦૨૪ ના લેવાનું હતું તે બદલાઈ ગયું છે અને હવે ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ લેવામાં આવશે. જ્યારે ધો. ૧૦ નું રિટેલ પેપર જે ૧૬ મી ફેબ્રુઆરીએ નક્કી કરવામાં આવ્યું હતું તે હવે ૨૮ મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ લેવામાં આવશે. તેવી જ રીતે સીબીએસઈ વર્ગ ૧૨ નું ફેશન સ્ટડીઝ પેપર જે ૧૧ માર્ચે યોજાવાનું હતું. તેને બદલીને ૨૧ માર્ચ, ૨૦૨૪ કરવામાં આવ્યું છે.

સીબીએસઈ બોર્ડની ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. સીબીએસઈ ધોર. ૧૦ માં બોર્ડની પરીક્ષા ૧૫ મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૩ મી માર્ચ ૨૦૨૪ સુધી ચાલશે. જ્યારે સીબીએસઈ ધોરણ ૧૨ મા બોર્ડની પરીક્ષા ૧૫ મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને રજી એપ્રિલ સુધી ચાલશે. સીબીએસઈ ૧૦ મા અને ૧૨ મા ધોરણની બોર્ડની પરીક્ષાઓ એક જ શિફ્ટમાં લેવામાં આવશે. બોર્ડની પરીક્ષાઓ સવારે ૧૦-૩૦ થી ૧-૩૦ વાગ્યા સુધી ચાલશે. સીબીએસઈ બોર્ડના તમામ વિદ્યાર્થીઓ બોર્ડની અધિકૃત વેબસાઈટ પર જઈને ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનું સુધારેલું સમયપત્રક જોઈ શકે છે.

સોસાયટીના સભાસદને ચેક પરતના કેસમાં સજા પડી:

બ્રાસપાર્ટની પેઢીના સંચાલકને ચેક પરતના કેસમાં બે વર્ષની કેદની સજા

જામનગર તા. ૫: જામનગરના એક કારખાનેદારને ચેક પરતના કેસમાં બે વર્ષની કેદની સજા અને ચેકની બમણી રકમનો દંડ ફટકારાયો છે. જ્યારે એક સોસાયટીએ ચેક પરતની સભાસદ સામે કરેલી ફરિયાદમાં એક વર્ષની કેદનો હુકમ કરાયો છે.

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગરમાં આવેલી રેશ્મી એન્ટરપ્રાઈઝ નામની પેઢીના સંચાલક અરવિંદભાઈ પરમાર પાસેથી જગરા પ્રોડક્ટ નામનું કારખાનું ચલાવતા દયાળજીભાઈ શામજીભાઈ જગરાએ સ્ક્રેપ ખરીદ્યા પછી તેની રકમ ચૂકવવા માટે રૂ.૨,૧૬,૧૬૦નો ચેક આપ્યો હતો.

આ ચેક બેંકમાંથી પરત ફરતા અરવિંદભાઈએ નોટીસ પાઠવ્યા પછી અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી દયાળજીભાઈ ગજરાને તકસીરવાન ઠરાવી બે વર્ષની કેદ અને ચેકથી બમણી રકમનો દંડ ફટકાર્યો છે. ફરિયાદી તરફથી વકીલ સુરેશચંદ્ર ધારવીયા રોકાયા હતા.

જામનગરની સ્વામી વિવેકાનંદ કેકીટ કો.ઓ. સોસાયટીના સભાસદ મનિષ હરસુખભાઈ લખીયરે સોસાયટી પાસેથી લોન મેળવી તેની પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક પરત ફરતા સોસાયટીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. તે કેસ ચાલી જતાં મનિષ લખીયરને અદાલતે તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે. સોસાયટી તરફથી વકીલ મિતેશ પટેલ, મણીલાલ કાલસરીયા, ગૌરાંગ મુંજપરા, હરજીવન ધામેલીયા, જયદીપ સિંહ જાડેજા રોકાયા હતા.

સતત ગગડતો પારો

જામનગરમાં ઠંડી વધી: ન્યુનત્તમ તાપમાનનો પારો ૧૨ ડીગ્રીએ અટક્યો

જામનગર તા. ૫: જામનગરમાં ઠંડીમાં વધારો નોંધાઈ રહ્યો છે. આગલા દિવસની સરખામણીએ આજે તાપમાનનો પારો ડીગ્રી નીચે તરફ સરકવા ઠંડીમાં વધારો અનુભવાયો હતો. આ ઉપરાંત મહત્તમ તાપમાનનો પારો પણ એક ડીગ્રી ગગડ્યો હતો.

જામનગરમાં નવા કેલેન્ડર વર્ષના પ્રારંભથી ઠંડીમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલે ન્યુનત્તમ તાપમાન ૧૩ ડીગ્રી રહ્યા પછી આજે પારો વધુ એક ડીગ્રી ગગડીને ૧૨ ડીગ્રીએ પહોંચ્યું હતું.

આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા અને પવનની ગતિ પ્રતિકલાકના ૧૦ થી ૧૫ કિ.મી.ની રહેવા પામી હતી.

ગઈકાલે મહત્તમ તાપમાન ૨૬ અને ન્યુનત્તમ તાપમાન ૧૩ ડીગ્રી નોંધાયું હતું. આમ મહત્તમ અને ન્યુનત્તમ બન્ને તાપમાનનો પારો નીચે તરફ એક ડીગ્રી જેટલો સરકતા ઠંડીમાં વધારો અનુભવાયો છે. આથી લોકોએ પણ ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો અને તાપણાનો ઉપયોગ વધાર્યો છે.

રાઈટ ટુ રીકોલ અધિકાર ખરડો મંજુર કરવા રજુઆત

જામનગર તા. ૫: જામનગરના જાગૃત નાગરિક વિજયભાઈ દાઉદીયાએ વડાપ્રધાનને વિસ્તૃત આવેદનપત્ર પાઠવી દેશમાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ પ્રજાના કામ ન કરતા હોય તો તેમનું પ્રતિનિધિત્વ રદ કરવા માટે રાઈટ ટુ-રીકોલ અધિકાર ખરડો સંસદમાં મંજુર કરવા રજુઆત કરી છે.

આ કાયદાથી પ્રજાનો તેમના દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિ ઉપર અંકુશ રહેશે. સત્તાનો ગેર ઉપયોગ બંધ થશે.

હાર્દિક અભિનંદન
આપશ્રીની હાલારની સર્વોચ્ચ સહકારી સંસ્થા એવી જામનગર જિલ્લા સહકારી બેંકના ચેરમેનપદે વરણી થવા બદલ
શ્રી જીતેન્દ્રભાઈ લાલ (જીતુભાઈ લાલ)
ને ખૂબ - ખૂબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છાઓ...

શુભેચ્છક
સ્કેબલ લિમિટેડ કંપની
• દ્વારકાદાસભાઈ રાયચુરા (ખોટાભાઈ) • વજુભાઈ જે. પાબારી
• પદુભાઈ કે. રાયચુરા • અરવિંદભાઈ જે. પાબારી
ભાટીયા - પોરબંદર - જામનગર